# ભાવેણું તિરંગામય બનશે: સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે શહેરમાં ગુરુવારે ભવ્ય તિરંગા યાત્રા

## ૧૩મીએ એ.વી. સ્કૂલ મેદાનથી સાંજે ૪ કલાકે જિલ્લા સ્તરની તિરંગા યાત્રાનું થશે પ્રસ્થાન : આયોજન સંદર્ભે મહાનગરપાલિકા યોજાઈ સમીક્ષા બેઠક; ૨૪ વિભાગોને કામગીરી સોંપાઈ




ભાવનગર,તા.૧૧

ભારતના ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે દેશભક્તિ અને રાષ્ટ્રગૌરવની ભાવનાને જન-જન સુધી પહોંચાડવા 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત આગામી તા. ૧૩ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ભાવનગર શહેરમાં જિલ્લા કક્ષાની ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમને સફળ બનાવવા ભાવનગર મહાનગરપાલિકામાં બેઠક યોજાઈ હતી, જેમાં મેયર ઉષાબેન તલરેજા અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન કિશનભાઈ મહેતાએ જરૂરી રચનાત્મક સૂચનો કર્યા હતા.

આ તિરંગા યાત્રા ૧૩મી ઓગસ્ટે સાંજે ૪:૦૦ કલાકે એ.વી. સ્કૂલ મેદાનથી પ્રસ્થાન કરશે. ત્યાંથી ગરાસિયા બોર્ડિંગ, ભીડભંજન, ઘોઘા ગેટ, એમ.જી.રોડ, વોરા બજારનું નાકું, બાર્ટન લાઈબ્રેરી, હલુરિયા, શહીદ સ્મારક અને કાવેરી કોમ્પ્લેક્સ ચોક જેવા મુખ્ય માર્ગો પર ફરીને પરત એ.વી. સ્કૂલ મેદાન ખાતે સંપન્ન થશે.

યાત્રામાં શાળા-કોલેજોના વિદ્યાર્થીઓ, પોલીસ જવાનો, એન.એસ.એસ., એન.સી.સી. કેડેટ્સ, સ્વૈચ્છિક સંસ્થાઓ અને નાગરિકોની મહત્તમ જનભાગીદારી સુનિશ્ચિત કરવા આદેશ અપાયા છે. યાત્રા દરમિયાન કાયદો-વ્યવસ્થા, ટ્રાફિક નિયાન અને તાત્કાલિક સ્વચ્છતા જાળવવા સહિત ૨૪ જેટલા વિવિધ વિભાગોને સમયબદ્ધ કામગીરી અને પરસ્પર સંકલન જાળવવા સૂચના આપવામાં આવી છે.

# આસ્થાનો સ્વાદ, પ્રકૃતિનો ખોળો: ધાવડી માતાજીના મંદિરે કાલે યોજાશે 'ખીર હવન'

## ભંડારિયામાં દાયકાઓ જૂની પરંપરામાં ખીરનો પ્રસાદ જમવા સાથે લીલાછમ ડુંગરાઓ વચ્ચે ભક્તિ અને એકતાનો સંગમ રચાશે

ભંડારિયા,તા.૧૧

ભંડારિયાના મેલકડીના ડુંગરમાં કૂદરતી સૌંદર્ય વચ્ચે બિરાજમાન ધાવડી માતાજીના મંદિરે પરંપરાગત રીતે દિવાસાના પર્વે, આગામી તા. ૧૨ ઓગસ્ટને બુધવારે વિશિષ્ઠ એવો 'ખીરનો હવન' યોજાશે. ચાલુ વર્ષે સમયસર વરસાદને કારણે ડુંગરાઓ લીલી વનરાજીથી સોળે કળાએ ખીલી ઊઠ્યા છે, જેથી શ્રદ્ધાળુઓ સાથે પ્રકૃતિપ્રેમી સહેલાણીઓ પણ મોટી સંખ્યામાં ઉમટી પડે તેવી ધારણા છે.



વિશિષ્ઠ એવા ખીરના હવન પાછળ ૧૩ દાયકા જેટલો પ્રાચીન અને રસપ્રદ ઈતિહાસ જોડાયેલો છે. દાયકાઓ પૂર્વે ગામમાં ભયંકર રોગચાળો ફેલાતાં પશુધનને બચાવવા માટે માતાજીની માનતા માનવામાં આવી હતી અને માતાજીની કૃપાથી પશુઓનો બચાવ થયો હોવાની અને ત્યારથી જ આ વિશેષ પરંપરા શરૂ થઈ હોવાની માન્યતા છે.

ખીરના હવન માટે પશુપાલકો દ્વારા દૂધ તેમજ ગ્રામલોકો અને ભાવિકો દ્વારા ખાંડ, ચોખા અને આર્થિક યોગદાન આપવામાં આવે છે. વિશાળ તપેલાઓમાં તૈયાર થતો ખીરનો પ્રસાદ ભાવિકો પેટભરીને આરોગે છે અને બરણી ભરીને ઘરે પણ લઈ જવાની પરંપરા છે .આ દિવસે માત્ર ખીરનો પ્રસાદ જમવાની અનોખી પરંપરા છે, ચોમાસાની ઋતુમાં માત્ર ખીર આરોગવા પાછળ વૈજ્ઞાનિક તથ્ય પણ જોડાયેલું છે. ખીરના હવન પ્રસંગે નાતજાતના ભેદભાવ વગર સમગ્ર ગામ અને આસપાસના વિસ્તારના લોકો અસલ ગામઠી શૈલીમાં સાથે બેસીને પ્રસાદ ગ્રહણ કરી સામાજીક એકતાનું અજોડ ઉદાહરણ પૂરું પાડે છે.

### માળનાથથી લઈ મહાદેવ ગાળા અને દેરીવાળા ડુંગર સુધી ચોમેર હરિયાળી

પ્રકૃતિના ખોળે બિરાજતા ધાવડી માતાનું મંદિર ભાવિકો માટે આસ્થાનું કેન્દ્ર રહ્યું છે તો અહીંની આબોહવા, લીલા ડુંગરાઓ અને ઘેઘુર વડલાની વડવાઈઓ પ્રકૃતિ પ્રેમીઓને અહીં આવવા આકર્ષી રહી છે. હાલ માળનાથથી લઈ મહાદેવ ગાળા સુધીની ગિરીમાળા સોળે કળાએ ખીલી ઉઠી છે, ઝરણાઓ વહી રહ્યા છે, દેરીવાળો ડુંગર પોતાની ટોંચેથી પ્રવાસીઓને સાદ દઈ રહ્યો હોય તેવું મનોહર દ્રશ્ય જોવા મળી રહ્યું છે જે પ્રત્યેક પર્યાવરણ પ્રેમીને રોમાંચિત કરી રહ્યું છે.!

# સેવા સાથે પ્રામાણિકતા: ૧૦૮ની ટીમે અકસ્માતગ્રસ્ત વૃદ્ધની સારવાર સાથે ૩૦ લાખનું સોનું પરત કર્યું

## સિહોરના ટાવર ચોક અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા દર્દીના દાગીના અને દસ્તાવેજો ૧૦૮ ની ટીમે સ્વજનોને સુપ્રત કર્યા

ભાવનગર,તા.૧૧

ભાવનગર જિલ્લાના સિહોર ટાવર ચોક પાસે સવારે ૧૦:૦૧ વાગ્યે સ્કૂટર અને ચાર પૈડાંના વાહન વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં એક વૃદ્ધ ગંભીર રીતે ઘવાયા હતા. કટોકટી સેવા પર સંદેશ મળતાં જ ૧૦૮ ના તબીબી ટેકનિશિયન ભરતસિંહ પરમાર અને વાહન ચાલક ધર્મેશભાઈ રાઠોડે ગણતરીની મિનિટોમાં ઘટનાસ્થળે પહોંચી પ્રાથમિક સારવાર આપી વૃદ્ધને સિહોરના સમુદાય આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડ્યા હતા.

દર્દી પાસેથી મળેલો મોબાઈલ, જરૂરી દસ્તાવેજો તેમજ આશરે રૂ. ૨૮ થી ૩૦ લાખની કિંમતના સોનાના દાગીના (૬ બંગડી, ૩ ગળાના ચેન અને ૨ કાનની બુટ્ટી) તેમના સગાંઓનો સંપર્ક કરીને પરત સોંપ્યા હતા. સ્વજનોએ ૧૦૮ ની ટીમનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો અને અધિકારીઓએ પણ કર્મચારીઓની આ ઉત્કૃષ્ટ પ્રામાણિકતાને બિરદાવી હતી.




# ભાવનગર યુનિવર્સિટી ખાતે કાલે યોજાશે ભરતી મેળો

## એન્જિનિયર અને માઈક્રોબાયોલોજિસ્ટની જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરાશે

ભાવનગર,તા.૧૧

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર દ્વારા તા. ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે યુનિવર્સિટી કેમ્પસ ખાતે ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ભરતી મેળામાં ખાનગી ક્ષેત્રની એક એકમમાં એન્જિનિયર તથા માઈક્રોબાયોલોજિસ્ટની જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરાશે. આ માટે બી.ઈ. મિકેનિકલ તથા એમ.એસસી. માઈક્રોબાયોલોજી (માત્ર મહિલા ઉમેદવારો) જેવી શૈક્ષણિક લાયકાત ધરાવતા રોજગારવાંચ્છુ ઉમેદવારો ભાગ લઈ શકશે. રસ ધરાવતા ઉમેદવારોએ યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર, બીજો માળ, આઈ.ક્યુ.એ.સી. બિલ્ડિંગ, લાઈબ્રેરી સામે, યુનિવર્સિટી કેમ્પસ, ભાવનગર ખાતે ઈન્ટરવ્યુ માટે રિઝ્યુમની બે નકલો સાથે સ્વખર્ચે રૂબરૂ ઉપસ્થિત રહેવાનું રહેશે, તેમ ભાવનગર યુનિવર્સિટી રોજગાર કેન્દ્રની અખબારી યાદીમાં જણાવાયું છે.

# ભાવનગર એરપોર્ટ CISF દ્વારા 'હર ઘર તિરંગા' અભિયાન: દેશભક્તિ અને સુરક્ષા જાગૃતિનો સંદેશ

## રુવા પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરી રાષ્ટ્રીય સુરક્ષા અને એકતા અંગે માહિતગાર કરાયા; 'વંદે માતરમ'ના ગાનથી વાતાવરણ ગૂંજ્યું

ભાવનગર,તા.૧૧

આગામી સ્વતંત્રતા દિવસની ઉજવણીના ભાગરૂપે કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા બળ (CISF) ભાવનગર એરપોર્ટ યુનિટ દ્વારા એરપોર્ટ આસપાસના ગામોમાં 'હર ઘર તિરંગા' જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ હેઠળ જવાનોએ રુવા પ્રાથમિક શાળાની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે વિશેષ સંવાદ સાધ્યો હતો.

CISF ના જવાનોએ દેશના સ્વતંત્રતા દિવસનું મહત્વ સમજાવવાની સાથે રાષ્ટ્રીય સુરક્ષા, સલામતી અને શંકાસ્પદ પ્રવૃત્તિઓ પ્રત્યે સજાગ રહેવામાં સામાન્ય નાગરિકોની મહત્વપૂર્ણ ભૂમિકા વિશે વિગતવાર માહિતી આપી હતી. શાળામાં સામૂહિક 'વંદે માતરમ' ગાન સાથે બાળકોમાં રાષ્ટ્રભાવના, દેશભક્તિ અને રાષ્ટ્રીય એકતાનો સંદેશ પ્રબળ બનાવવામાં આવ્યો હતો.



આ અભિયાન દ્વારા સ્થાનિક નાગરિકોને રાષ્ટ્રધ્વજ પ્રત્યે સન્માન અને નાગરિક જવાબદારી કેળવવા પ્રેરિત કરાયા હતા. આવા જનસંપર્કથી CISF સ્થાનિક સમુદાય સાથે સંકલન મજબૂત કરી રાષ્ટ્રીય સુરક્ષા પ્રત્યે સામૂહિક જવાબદારી વિકસાવવા સતત પ્રયત્નશીલ છે.

# 'સાપ્તાહિક સ્વચ્છતા કાર્યક્રમ': ભાવ. વિભાગના એસટી મથકો અને બસોની સઘન સફાઈ

## 'આપણું બસ સ્ટેશન–સ્વચ્છ બસ સ્ટેશન' સંકલ્પ સાથે જનજાગૃતિ; આગામી દિવસોમાં વૃક્ષારોપણ, તબીબી અને રક્તદાન કેમ્પ યોજાશે

ભાવનગર,તા.૧૧

રાજ્ય સરકારના સ્વચ્છતા અભિયાનને વેગ આપવા ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના ભાવનગર વિભાગ દ્વારા દર રવિવારે 'સાપ્તાહિક સ્વચ્છતા કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવે છે. જેના ભાગરૂપે અધિકારીઓ, કર્મચારીઓ, સફાઈ એજન્સીઓ અને સ્થાનિક સંસ્થાઓના સહયોગથી વિવિધ બસ સ્ટેશન પરિસરો, બસો તેમજ શૌચાલયોની સઘન સફાઈ કરવામાં આવી હતી.

મુસાફરોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાવવા લાઉડ સ્પીકર અને સોશિયલ મીડિયા દ્વારા કચરો યોગ્ય જગ્યાએ ફેંકવા અપીલ કરાઈ રહી છે. આગામી દિવસોમાં સામાજિક જવાબદારીના ભાગરૂપે વૃક્ષારોપણ, તબીબી અને રક્તદાન કેમ્પનું પણ આયોજન થશે. વિભાગ દ્વારા 'આપણી બસ–સ્વચ્છ બસ'ના સંકલ્પને સાકાર કરવા મુસાફરોને સાથ-સહકાર આપવા વિનંતી કરાઈ છે.

# ડાલામથ્થાના જતનનો મંગલ સંકલ્પ: ભાવનગરમાં ૩ હજાર વિદ્યાર્થીઓની ભવ્ય રેલી સાથે 'વિશ્વ સિંહ દિવસ' ઉજવાયો

## વન વિભાગ અને સ્વામિ. ગુરુકુળ દ્વારા ત્રિવિધ કાર્યક્રમ; સિંહણના હુમલા સામે અદમ્ય સાહસ દર્શાવનાર કાળુભાઈ ભરવાડનું 'વીરતા પુરસ્કાર'થી સન્માન

ભાવનગર,તા.૧૧

વન વિભાગ-ભાવનગર, રાજહંસ નેચર ક્લબ ટ્રસ્ટ અને સ્વામિનારાયણ ગુરુકુલ-સરદારનગરના સંયુક્ત ઉપક્રમે 'વિશ્વ સિંહ દિવસ' નિમિત્તે એશિયાટિક સિંહોના સંરક્ષણ, સંવર્ધન અને પર્યાવરણીય જાગૃતિ માટે પ્રેરણાદાયી ઉજવણી યોજાઈ હતી. આ પ્રસંગે નાયબ વન સંરક્ષક યોગેશકુમાર દેસાઈ, જિલ્લા નાયબ કલેકટર અક્ષર વ્યાસ, મદદનીશ વન સંરક્ષક વિમલકુમાર ભટ્ટ, આર.એફ.ઓ. ગલાણી, માનદ વન્યપ્રાણી સંરક્ષક ઈન્દ્રભાઈ ગઢવી તેમજ ગુરુકુળના ધર્મનંદન સ્વામી અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની વિશેષ ક્ષણ એ રહી કે, તાજેતરમાં પાલીતાણા ખાતે સિંહણના અચાનક થયેલા હુમલા સમયે અદ્ભુત ધૈર્ય અને સાહસ દાખવનાર કાળુભાઈ ભરવાડનું 'વીરતા પુરસ્કાર' આપીને સન્માન કરાયું હતું. દીપ પ્રાગટ્ય બાદ વન વિભાગના અધિકારીઓએ ગીરની ધરોહર એવા એશિયાટિક સિંહોના જતન માટે આહ્વાન કર્યું હતું અને ઉપસ્થિત સૌએ 'સિંહ સંરક્ષણ સંકલ્પ' લીધો હતો.



તસવીર : ધવલ વાજા

સિંહ સંરક્ષણનો સંદેશ પહોંચાડવા સ્વામિનારાયણ ગુરુકુળના ૩૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ, શિક્ષકો, વન વિભાગના અધિકારીઓ અને રાજહંસ નેચર ક્લબના સ્વયંસેવકોની ભાગીદારીથી વિશાળ જાગૃતિ રેલી યોજાઈ હતી. સરદારનગરથી શરૂ થઈ એસ.બી.આઈ. બેંક થઈને રૂપાણી સર્કલ સુધી નીકળેલી આ રેલી આકર્ષણનું કેન્દ્ર બની હતી.

આ કાર્યક્રમનું સફળ સંચાલન ગુરુકુલના સ્પેશિયલ વિભાગના આચાર્ય મહેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે હાઈસ્કૂલ વિભાગના આચાર્ય રસિકભાઈ હરણીયાએ ઉપસ્થિત સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.


### ઉમરાળામાં વિશ્વ સિંહ દિવસની ઉજવણી, જન જાગૃતિ રેલી યોજાઈ

ઉમરાળામાં વિશ્વ સિંહ દિવસ નિમિત્તે પી.એમ. સર્વોદય હાઈસ્કૂલ ખાતે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વન્યજીવ સંરક્ષણ અને એશિયાટિક સિંહના મહત્વ વિશે જાગૃતિ ફેલાવવા માટે વિદ્યાર્થીઓ દ્વારા વિશાળ રેલીનું આયોજન કરાયું હતું.સર્વોદય કેળવણી મંડળ સંચાલિત પી.એમ. સર્વોદય હાઈસ્કૂલ, ડી.એસ. સેલોત ગર્લ્સ સ્કૂલ, શ્રીમતી જી.કે. પારેખ પ્રાઈમરી સ્કૂલ સહિત સરકારી કુમાર શાળા અને કન્યા શાળાના વિદ્યાર્થીઓ રેલીમાં જોડાયા હતા. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ સિંહના માસ્ક અને બેનરો સાથે ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓએ 'સિંહ બચાવો' અને 'પર્યાવરણ બચાવો' જેવા સૂત્રોચ્ચાર કરીને લોકોમાં જાગૃતિ ફેલાવી હતી. આ રેલીનો મુખ્ય ઉદ્દેશ્ય સિંહ સંરક્ષણ પ્રત્યે સમાજમાં સકારાત્મક અભિગમ કેળવવાનો હતો.શાળાના આચાર્ય અને શિક્ષકગણે જણાવ્યું હતું કે, ભાવિ પેઢીમાં વન્યજીવો પ્રત્યે પ્રેમ અને સંવેદના કેળવાય તે હેતુથી આવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આનાથી બાળકોમાં પર્યાવરણ પ્રત્યેની જવાબદારીની ભાવના વિકસે છે.



તસવીર : નિલેશ ઢીલા

### સિહોરના વરલમાં તાલુકા કક્ષાના 'વિશ્વ સિંહ દિવસ'ની ઉત્સાહભેર ઉજવણી



તસ્વીર : કૌશિક વ્યાસ

સિહોર તાલુકાની પીએમશ્રી વરલ કેન્દ્રવર્તી શાળા ખાતે રેન્જ ફોરેસ્ટ ઓફિસર નીલમબેન ગોલેતરના અધ્યક્ષસ્થાને તાલુકા કક્ષાના 'વિશ્વ સિંહ દિવસ'ની ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે ૧૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ સિંહના મહોરા પહેરી ૧ કિમી લાંબી જાગૃતિ રેલી કાઢી હતી, જેમાં ટ્રેક્ટરમાં પ્રદર્શિત સિંહ પરિવારના સ્ટેચ્યુએ ભારે આકર્ષણ જમાવ્યું હતું.ત્યારબાદ યોજાયેલી ચિત્ર સ્પર્ધાના વિજેતાઓને વન વિભાગ દ્વારા સન્માનિત કરાયા હતા. કાર્યક્રમમાં બીઆરસી વિજયભાઈ મકવાણા, ભરતભાઈ ટાંક તેમજ આરએફઓ નીલમબેને જૈવિક સંતુલન માટે સાવજના મહત્વ વિશે માર્ગદર્શન આપ્યું હતું. આચાર્ય હઠીસિંહ ચૌહાણના સંચાલન અને વન-શિક્ષણ વિભાગના સંકલનથી આયોજન સફળ બન્યું હતું.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

# વૃદ્ધાઓને ટાર્ગેટ કરતી મહિલા સહિતની રીઢા શખ્સોની ગેંગ ગારિયાધાર નજીકથી ઝડપાઈ






## એલસીબી ટીમે 'રામાધણી' લખેલી કાર સાથે સોનાના દાગીના ઝડપી પરવડી ગમે આચરાયેલ સહીત બે ગુનાનો પર્દાફાશ કર્યો

ભાવનગર,તા.૧૧

ભાવનગર એલસીબી પોલીસે ગારીયાધાર-પરવડી રોડ પર આવેલ રતનવાવ ગામના પાટીયા પાસેથી શંકાસ્પદ સ્વિફ્ટ કાર (GJ-05-JH-1720) સાથે ૫ ઈસમોને ઝડપી પાડ્યા છે. કાર આગળ 'રામાધણી' લખેલું સ્ટીકર મારેલું હતું. પોલીસે તલાશી લેતાં સોનાની પોખાની, બુટી, બે મોબાઈલ અને કાર મળી કુલ રૂ. ૩,૬૨,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. કબજે કરેલા દાગીના અંગે કાયદેસરના કાગળો ન મળતાં કડક પૂછપરછ દરમિયાન આરોપીઓએ કબૂલાત કરી હતી કે, તેમણે સાતેક દિવસ પહેલાં પરવડી ખાતેથી એક વૃદ્ધાને કારમાં બેસાડી તેમના કાનમાંથી પોખાની અને પાંચ દિવસ પહેલાં રાજસ્થાનમાંથી અન્ય એક વૃદ્ધાના કાનમાંથી સોનાની બુટી સેરવી લીધી હતી. આ શખસો અગાઉથી જ વૃદ્ધાઓને ટાર્ગેટ બનાવી દાગીના સેરવી લેવાની ગુનાહિત પદ્ધતિ (M.O.) ધરાવે છે.

પોલીસે સુનિલ મનસુખ ચુડાસમા, અશ્વિન બાબુ સોલંકી, મનસુખ નાનજી ચુડાસમા, ઈશ્વર રમેશ વણોદિયા અને અનુબેન અશ્વિન સોલંકી સામે ગુનો નોંધી તેમની અટકાયત કરી છે. ઝડપાયેલા આરોપીઓ પૈકી સુનિલ, અશ્વિન અને મનસુખ સામે ગાંધીનગર, અમરેલી, અમદાવાદ, પાટણ અને બનાસકાંઠાના વિવિધ પોલીસ સ્ટેશનોમાં ચોરી અને લૂંટ જેવા અનેક ગુના નોંધાયેલા છે.

# સિહોરમાં ગૌતમેશ્વર રોડ પર બાવળની ઝાડીઓથી દર્શનાર્થીઓ પરેશાન



'છોટે કાશી' સિહોરમાં સુરકાના દરવાજાથી પૌરાણિક ગૌતમેશ્વર મહાદેવ મંદિર જતા માર્ગની બંને બાજુ ૩ ફૂટ સુધી બાવળની ઝાડીઓ વધી જતાં વાહનચાલકો અને યાત્રિકો મુશ્કેલીમાં મુકાયા છે. આગામી પવિત્ર શ્રાવણ માસ અને આઠમના મેળા પૂર્વે નગરપાલિકા તંત્ર દ્વારા રસ્તાની સફાઈ અને સમારકામ હાથ ધરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# મહુવાના પીડીલાઈટ કારખાનામાંથી ચોરાયેલા જેસીબી સાથે ૩ ઝડપાયા



## નેસવડ ચોકડી નજીકથી નંબર પ્લેટ વગરના જેસીબી અને ૩ મોબાઈલ સહિત કુલ રૂ. ૨૫.૩૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરતી ક્રાઈમ બ્રાન્ચ

ભાવનગર,તા.૧૧

ભાવનગર એલસીબી પોલીસ સ્ટાફ તા. ૧૦/૦૮/૨૦૨૬ના રોજ મહુવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલકત સંબંધી ગુનાઓની તપાસમાં હતો. તે દરમિયાન હાઈવેથી નેસવડ ચોકડી તરફ જતા રસ્તા પર ત્રણ ઈસમો આગળ-પાછળ નંબર પ્લેટ વગરનું પીળા રંગનું જેસીબી લઈને ઊભા હોવાની અને તે જેસીબી ચોરાઉ હોવાની ચોક્કસ બાતમી મળી હતી. આથી પોલીસે દોડી જઈ શકપડતી મિલકત ગણી મુદ્દામાલ કબજે લીધો હતો.

પોલીસની કડક પૂછપરછમાં આરોપીઓએ કબૂલાત કરી હતી કે, તા. ૭/૦૮/૨૦૨૬ના રોજ રાત્રે દસ વાગ્યાના સુમારે મહુવા-ખરેડ ગઢડા રોડ પર આવેલા પીડીલાઈટના કારખાનામાંથી કચરો ભરવા રાખેલું આ જેસીબી તેઓએ ચોરી કર્યું હતું. ચોરી બાદ તેને જાળીયાના સીમ વિસ્તારમાં છુપાવી રાખ્યું હતું અને આજે મહુવામાં સુરક્ષિત સ્થળે સંતાડવા જવાનો પ્લાન કરી રહ્યા હતા. ઝડપાયેલા આરોપીઓમાં દુધાળા-૧ના ગણપતભાઈ રવજીભાઈ જોળીયા (ઉ.વ. ૩૨) અને મનીષભાઈ કનુભાઈ જોળીયા (ઉ.વ. ૨૨) તથા અગતરીયાના રાજુભાઈ ઉર્ફે પપ્પુ રણછોડભાઈ મકવાણા (ઉ.વ. ૨૬)નો સમાવેશ થાય છે. પોલીસે રૂ. ૨૫ લાખનું જેસીબી અને રૂ. ૩૦ હજારના ૩ મોબાઈલ મળી કુલ રૂ. ૨૫,૩૦,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

મહુવા ટાઉન પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૩૦૩(૨), ૫૪ મુજબ ગુનો શોધી કાઢી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે. આ સફળ કામગીરી પોલીસ ઈન્સપેક્ટર મયુરધ્વજસિંહ એમ. સરવૈયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ આર.એ. વાઢેર, વી.સી. જાડેજા, પી.ડી. ઝાલા તથા એલસીબી સ્ટાફના દિલુભાઈ આહિર, અશોકભાઈ ડાભી, અરવિંદભાઈ બારૈયા, શૈલેષભાઈ રાઠોડ, હરપાલસિંહ સરવૈયા, ધ્રુવદેવસિંહ ગોહિલ, વિજયભાઈ બારૈયા અને વિશ્વજીતસિંહ ઝાલા દ્વારા કરવામાં આવી હતી.

# ટીંબી ગામની કરિયાવરની ચોરીનો ભેદ ઉકેલાયો, ગામના શખ્સો જ તસ્કર નીકળ્યા




ભાવનગર,તા.૧૧

ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકાના ટીંબી ગામે બંધ મકાનને નિશાન બનાવી કરિયાવરના સામાનની ચોરી કરનાર બે શખસોને ઉમરાળા પોલીસે ચોક્કસ બાતમીના આધારે ઝડપી પાડ્યા છે. ટીંબી ગામે રહેતા કાનાભાઈ વાઘાભાઈ બાંબા પોતાનું મકાન બંધ કરીને પરિવાર સાથે સુરત ગયા હતા. તે દરમિયાન તસ્કરોએ બંધ મકાનની દીવાલ કૂદી અને રૂમનું લોક તોડી અંદર રાખવામાં આવેલો કરિયાવરનો સામાન ચોરી લીધો હતો, જે અંગે ઉમરાળા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

પેટ્રોલિંગ દરમિયાન મળેલી માહિતીના આધારે પોલીસે ટીંબી ગામમાં જ રહેતા સોમલેશભાઈ બટુકભાઈ વાઘેલા (ઉ.વ. ૨૩) અને શંભુભાઈ અમરશીભાઈ દલસાણીયા (ઉ.વ. ૩૮)ના ઘરે પંચોને સાથે રાખી તપાસ હાથ ધરી હતી. બંનેના ઘરેથી ચોરાયેલો સામાન મળી આવતાં પોલીસે રૂ. ૯,૫૦૦નું ફ્રિજ, રૂ. ૭,૦૦૦નું વોશિંગ મશીન, રૂ. ૭,૫૦૦ના સોફા, રૂ. ૧૦,૦૦૦નો લોખંડનો કબાટ તેમજ શેટી અને ગાડલું મળી કુલ રૂ. ૪૩,૫૦૦નો તમામ મુદ્દામાલ કબ્જે કરી બંને આરોપીઓની ધોરણસર અટકાયત કરી છે.

## બંધ મકનની દીવાલ કૂદી લોક તોડી ચોરીને અંજામ આપ્યો હતો: ફ્રિજ, વોશિંગ મશીન અને સોફા સહિતનો તમામ સામાન કબ્જે

# કાર્યસ્થળે મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવી દરેક સંસ્થાની કાનૂની અને નૈતિક જવાબદારી

## જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવના અધ્યક્ષ સ્થાને શામપરા ખાતે 'મહિલા કર્મયોગી દિવસ'ની ઉજવણી

ભાવનગર,તા.૧૧

નારી વંદન ઉત્સવ–૨૦૨૬ના ભાગરૂપે ભાવનગર જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા શામપરા સ્થિત આઈટેક પ્લાસ્ટા કંપની ખાતે 'મહિલા કર્મયોગી દિવસ'ની ઉજવણી નિમિત્તો કામકાજના સ્થળે મહિલાઓ સાથે થતી જાતીય સતામણી (નિવારણ, પ્રતિબંધ અને નિવારણ) અધિનિયમ–૨૦૧૩ અંગે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દહેજ પ્રતિબંધક તથા સહ રક્ષણ અધિકારી હેતલબેન દવેએ નારી વંદન ઉત્સવના હેતુ તેમજ મહિલા કર્મયોગી દિવસના મહત્વ વિશે માહિતી આપી હતી. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવ ટી.બી. સિંઘે જણાવ્યું હતું કે, મહિલાઓને સુરક્ષિત, સન્માનજનક અને ભેદભાવમુક્ત કાર્યસ્થળ ઉપલબ્ધ કરાવવું દરેક સંસ્થાની કાનૂની તેમજ નૈતિક જવાબદારી છે. તેમણે કામકાજના સ્થળે મહિલાઓ સાથે થતી જાતીય સતામણી (નિવારણ, પ્રતિબંધ અને નિવારણ) અધિનિયમ–૨૦૧૩ તથા ઘરેલું હિંસા સંબંધિત કાનૂની જોગવાઈઓની વિસ્તૃત સમજ આપી મહિલાઓને પોતાના અધિકારો પ્રત્યે જાગૃત રહી જરૂર પડ્યે કાનૂની સહાય મેળવવા અપીલ કરી હતી.


# શાળાકીય રમતોત્સવમાં સરકારી હાઈસ્કૂલ મથાવડાનું તાલુકા કક્ષાએ ઝળહળતું પ્રદર્શન

## એથ્લેટિક્સ અને વોલીબોલ સ્પર્ધાઓમાં વિજેતા બની વિદ્યાર્થીઓએ જિલ્લા કક્ષાએ સ્થાન મેળવ્યું

ભાવનગર,તા.૧૧

તળાજા તાલુકાની અગ્રણી શૈક્ષણિક સંસ્થા સરકારી હાઈસ્કૂલ મથાવડાએ શૈક્ષણિક સિદ્ધિઓની સાથે રમતગમત ક્ષેત્રે પણ ઉત્કૃષ્ટ પરંપરા જાળવી રાખી છે. ધોરણ ૯ થી ૧૨ સુધીનું મફત શિક્ષણ આપતી અને ગત વર્ષે ધોરણ-૧૦ માં ૧૦૦% પરિણામ મેળવનાર આ શાળાના વિદ્યાર્થીઓએ તાજેતરમાં આયોજિત શાળાકીય રમતોત્સવ ૨૦૨૬-૨૭ ની તાલુકા કક્ષાની એથ્લેટિક અને વોલીબોલ સ્પર્ધાઓમાં ભવ્ય સફળતા મેળવી છે. બહેનોના વિભાગમાં અંડર-૧૭ માં ચાવડા વૈશાલીબેન (હથોડા ફેંક), દેવમુરારી કાજલબેન (ચક્ર ફેંક), સોલંકી કવિતાબેન (લાંબી કૂદ), બાંભણીયા દિવ્યાબેન (લંગડી ફાળ કૂદ) અને જાંબુચા કવિતાબેન (૧૦૦ મીટર વિઘ્ન દોડ) એ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. જ્યારે અંડર-૧૪ માં દિયોરા મનસીબેને ઊંચી કૂદમાં પ્રથમ તથા મકવાણા નમ્રતાબેને ચક્ર ફેંકમાં દ્વિતીય ક્રમ મેળવ્યો હતો. ભાઈઓના વિભાગમાં અંડર-૧૭ ઊંચી કૂદમાં શિયાળ તુષાર અને ૩૦૦૦ મીટર દોડમાં ચૌહાણ જયદીપે પ્રથમ સ્થાન મેળવ્યું હતું. અંડર-૧૯ માં ૧૫૦૦ મીટર દોડમાં શિયાળ રાજદીપ તથા ૧૧૦ મીટર વિઘ્ન દોડમાં શિયાળ નિર્મિત પ્રથમ ક્રમે રહ્યા હતા. સોલંકી ભાર્ગવે ૧૦૦ મીટર અને ૮૦૦ મીટર દોડમાં દ્વિતીય ક્રમ તથા સોલંકી માનવે ૪૦૦ મીટર દોડ અને ડોળશિયા ગૌતમે બરછી ફેંકમાં તૃતીય ક્રમ મેળવ્યો હતો. આ ઉપરાંત વોલીબોલ સ્પર્ધામાં અંડર-૧૭ બહેનોની ટીમ તાલુકા ચેમ્પિયન બની હતી, જ્યારે અંડર-૧૯ ભાઈઓની ટીમ રનર્સ-અપ રહી હતી. પ્રથમ અને દ્વિતીય ક્રમ મેળવનાર તમામ ખેલાડીઓ હવે જિલ્લા કક્ષાએ તળાજા તાલુકાનું પ્રતિનિધિત્વ કરશે. આ સિદ્ધિ બદલ શાળાના આચાર્ય ડો. યોગેશભાઈ ભટ્ટ, શિક્ષકગણ અને ગ્રામજનોએ તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# પાર્શ્વ ગાયક પદ્મભૂષણ તલત મહેમુદને ૧૬મીએ અપાશે સંગીતાંજલિ



ભાવનગર,તા.૧૧

ભારતીય ફિલ્મના પચાસ - સાઈઠના દાયકાના લોકપ્રિય પાર્શ્વ ગાયક ગઝલ સમ્રાટ પદ્મભૂષણ તલત મહેમુદ સંગીતાંજલી નો કાર્યક્રમ તા. ૧૬ ઓગસ્ટ રવિવાર સાંજે ૪ કલાકે ભાવ સ્વરા - યુફોરિયા દ્વારા મેઘાણી મીની ઓડિટરીયમ માં યોજાશે જેમાં લાઈવ ઓર્કેસ્ટ્રા સાથે તલત મહેમુદ ના લોકપ્રિય ગીતો જાણીતાં કલાકારો ધીરેન્દ્ર વૈશ્નવ, ડૉ કાજલ મુળે, યોગીની વૈશ્નવ, જાસ્મીન રીંડાણી રજુ કરશે. રાજકોટના પ્રખ્યાત એકોર્ડિયન પ્લેયર અશોક સાગઠિયા ખાસ સાથ આપશે.રસ દર્શન ડૉ. પ્રો. મૃણાલ ભટ્ટ દીક્ષિત કરશે આ કાર્યક્રમ નિઃશુલ્ક તલત સાહેબનાં ચાહકો માટે છે વચ્ચેની બે હરોળ મહેમનો માટે આરક્ષિત રહેશે બાકી સંગીતપ્રેમી તલતસા'બ ચાહકો વહેલા તે પહેલાંનાં ધોરણે ખાલી સીટ પર બેસી શકશે કાર્યક્રમ સાંજના ચાર વાગે સમયસર જ શરૂ થઈ જશે અને સાડા છ વાગે પૂરો થઈ જશે તેની ખાસ નોંધ લેવી.

# શહેરના રિંગરોડ પર ઘર સામે દેકારો કરતા શખસોને ટોકતા વૃદ્ધ પર ધારીયાથી હુમલો

## ત્રણ શખસો સામે એટ્રોસિટી અને જાનથી મારી નાખવાની ધમકી સહિતની કલમો હેઠળ ગુનો દાખલ

ભાવનગર,તા.૧૧

ભાવનગર શહેરના રિંગરોડ પર આવેલી એકલવ્ય સોસાયટીમાં મોડી રાત્રે અડ્ડો જમાવી અપશબ્દો બોલતા યુવકોને ટોકતા ૬૭ વર્ષીય વૃદ્ધ પાર હુમલો કરાયો હતો. એકલવ્ય સોસાયટીમાં રહેતા શાંતિભાઈ બચુભાઇ ઘટાડે રાત્રે સાડા દસેક વાગ્યાના સુમારે પોતાના ઘર સામે દુકાન પાસે બેસી જોરજોરથી દેકારો કરતા શખસોને ઘરે જવાનું કહેતા ત્રણેય આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા.

દરમિયાન શુભમ લુણગાતર અને વિશાલ પરમારે શાંતિભાઈને પકડી રાખ્યા હતા, જ્યારે સિદ્ધરાજ ઉર્ફે સિદ્ધુ રાજપૂતે તેમના માથાના ભાગે ધારીયાનો ઘા ઝીંકી લોહીલુહાણ કરી દીધા હતા. દેકારો થતાં વૃદ્ધના પત્ની અને સાસુ બચાવવા વચ્ચે પડતાં તેમનો જીવ બચ્યો હતો. આરોપીઓ જ્ઞાતિ પ્રત્યે અપશબ્દો બોલી, ધમકી આપી નાસી છૂટ્યા હતા. ઈજાગ્રસ્ત વૃદ્ધને હોસ્પિટલ ખસેડાતાં પોલીસે ત્રણેય સામે મ્રજીની કલમો, જીપી એક્ટ અને એટ્રોસિટી હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## રેલવે હોસ્પિટલ દ્વારા યોજાયું એચપીવી રસીકરણ અભિયાન

# ૪૩ મહિલાઓ અને બાળાઓને એચપીવી રસીનો પ્રથમ ડોઝ અપાયો

ભાવનગર,તા.૧૧

પશ્ચિમ રેલવેની ભાવનગર મંડળ રેલવે હોસ્પિટલમાં મહિલાઓ અને બાળાઓના આરોગ્ય સંરક્ષણ માટે એક મહત્વપૂર્ણ પહેલરૂપે શનિવાર, તા. ૦૧ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ હ્યુમન પેપિલોમાવાયરસ (ૐફ) રસીકરણ અભિયાનનું સફળ આયોજન કરવામાં આવ્યું. આ અભિયાન મંડળ રેલવે મેનેજર શ્રી દિનેશ વર્માના માર્ગદર્શન હેઠળ તથા મંડળ રેલવે હોસ્પિટલના મુખ્ય તબીબી અધિક્ષક ડૉ. મનોજ કુમારની દેખરેખમાં યોજાયું. આ અભિયાનનો મુખ્ય હેતુ બાળાઓ અને મહિલાઓમાં સર્વાઈકલ કેન્સર જેવી ગંભીર બીમારી સામે રક્ષણ અંગે જાગૃતિ ફેલાવવાનો તથા સમયસર એચપીવી રસીકરણ સુનિશ્ચિત કરવાનો હતો. અભિયાન દરમિયાન કુલ ૪૩ મહિલાઓ અને બાળાઓને એચપીવી રસીનો પ્રથમ ડોઝ સફળતાપૂર્વક આપવામાં આવ્યો. રસીકરણ પહેલાં તમામ લાભાર્થીઓનું નોંધણી કાર્ય તથા આરોગ્ય પરીક્ષણ કરવામાં આવ્યું. ઉપરાંત, તેમને એચપીવી ચેપ, સર્વાઈકલ કેન્સરની રોકથામ અને રસીકરણના મહત્વ વિશે વિગતવાર માહિતી આપી જાગૃત કરવામાં આવ્યા. તબીબો અને આરોગ્ય કર્મચારીઓએ લાભાર્થીઓની જિજ્ઞાસાઓનું નિરાકરણ કર્યું તેમજ તેમને નિર્ધારિત સમયસર આગામી ડોઝ લેવા માટે પણ પ્રેરિત કર્યા. આ અભિયાનનું સંચાલન મંડળ રેલવે હોસ્પિટલના મુખ્ય નર્સિંગ અધિક્ષક શ્રી અમૃત મરેઠાના નેતૃત્વમાં સુવ્યવસ્થિત અને સુરક્ષિત રીતે કરવામાં આવ્યું. આ પ્રસંગે મુખ્ય તબીબી અધિક્ષક ડૉ. મનોજ કુમારે જણાવ્યું કે મહિલાઓના આરોગ્યની સુરક્ષા અને રોગોની રોકથામ માટે નિવારક આરોગ્ય સેવાઓને પ્રોત્સાહન આપવું આજના સમયની આવશ્યકતા છે અને એચપીવી રસીકરણ સર્વાઈકલ કેન્સરની રોકથામ માટે અત્યંત અસરકારક પગલું છે. લાભાર્થીઓ અને તેમના પરિવારજનોએ આ પહેલની પ્રશંસા કરતાં પશ્ચિમ રેલવેના આ જનહિતકારી પ્રયાસને મહિલાઓના આરોગ્ય સંરક્ષણ માટેનું સરાહનીય અને ઉપયોગી પગલું ગણાવ્યું. ભાવનગર મંડળ રેલવે હોસ્પિટલ ભવિષ્યમાં પણ આવા આરોગ્ય જાગૃતિ અને નિવારક આરોગ્ય કાર્યક્રમોનું નિયમિત આયોજન કરતી રહેશે, જેથી રેલવે કર્મચારીઓ, તેમના પરિવારજનો તથા અન્ય પાત્ર લાભાર્થીઓને ગુણવત્તાસભર અને સર્વાંગી આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવી શકાય.

### –: જાહેર નિવિદા :–

### રીટેનીગ વોલ બાંધકામ

**વન વિભાગ, ભાવનગર**

ભાવનગર વન વિભાગ, ભાવનગર હેઠળની જેસર રેન્જમાં એનીમલ કેર હોસ્પીટલ, રાણીગાળા ખાતે રીટેનીગ વોલ બાંધકામની કામગીરીના ભાવપત્રકો ઓન લાઈન ઈ–ટેન્ડર દ્વારા મંગાવવામાં આવે છે. આ માટે વેબ સાઈટ– https://tender. nprocure.com/ પરથી તમામ માહિતી વંચાણે લેવા વિનંતી છે.

- ઓન લાઈન ટેન્ડર બીડ ભરવાની છેલ્લી તા.૨૦/૦૮/૨૦૨૬ ના ૧૮.૦૦ કલાક સુધીની રહેશે.

| અ. નં. | ટેન્ડર નોટીસ નંબર | ઈ–ટેન્ડર આઈ.ડી. નંબર | વિગત |
|---|---|---|---|
| ૧ | ૦૮/૨૦૨૬–૨૭ | ૩૩૨૬૩૯ | Construction of Retaining Wall at Animal Care Hospital, Ranigala in Jesar Range |

વધુ માહિતી માટે : નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી, બહુમાળી ભવન, એનેક્ષી બિલ્ડીગ, પહેલો માળ, એફ–૮/૯/૧૦, ભાવનગર ફોન નં.૦૨૭૮–૨૪૨૮૬૪૪ નો સંપર્ક કરવો.

સને : ૨૦૨૬–૨૭
**માહિતી-ભાવ-૫૨૦-૨૬**

નાયબ વન સંરક્ષક
ભાવનગર વન વિભાગ,
ભાવનગર

